## પુરક નોંધ

| | | |
|---|---|---|
| તારાંકીત પ્રશ્ન | : | ૧૫/૪/૪૦ |
| પ્રશ્નનું સંક્ષિપ્ત શીર્ષક | : | "અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદમાં સાણંદ તાલુકાના ગામોની જમીન ભાડાપટ્ટે આપવા બાબત." |
| પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી | : | માનનીય ધારાસભ્ય શ્રી અમીત ચાવડા (આંકલાવ) |

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદ વિસ્તારમાં વોટર સપ્લાય પ્રોજેક્ટ, રીંગરોડના વાઇડનીંગ તથા તેના પર ફ્લાય ઓવર બ્રીજો તથા પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ આવાસ નિર્માણના પ્રોજેક્ટો વિગેરે પ્રજાલક્ષી પ્રોજેક્ટો હાથ ધરેલ છે. સદર પ્રોજેક્ટોના ખર્ચને પહોચી વળવા તથા સત્તામંડળનુ આર્થિક માળખુ જળવાઇ રહે તે હેતુથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇ હેઠળ સત્તામંડળને ટી.પી. સ્કીમ હેઠળ અનામત હેતુના પ્લોટો સંપ્રાપ્ત થાય છે. સંપ્રાપ્ત થયેલ પ્લોટોનો નિકાલ સરકારશ્રી દ્વારા મંજુર કરેલ લેન્ડ ડિસ્પોઝલ પોલીસી-૨૦૦૨ હેઠળ પ્લોટોનો નિકાલ ભાડેથી/વેચાણથી કરવામાં આવે છે. ભાડાની મહત્તમ સમય મર્યાદા ૯૯ વર્ષ નક્કી કરેલ છે. સત્તામંડળના સંપ્રાપ્ત થતા પ્લોટો ટુંકા ગાળા માટે કામચલાઉ ઉપયોગ કરવા માટે સામાન્ય માણસ/અર્ધસરકારી સંસ્થા/સરકારી સંસ્થા તેમજ ટ્રસ્ટો દ્વારા માંગણી કરવામાં આવે તો અત્રેના તા.૨૯/૧૨/૨૦૧૦ના પરીપત્ર ક્રમાંક: એસ્ટેટ/પ્લોટ ભાડે/૧૬૧૭૩ મુજબ પ્રતિ દિન માટે નક્કી થયેલ દરો મુજબ ભાડુ તથા ડિપોઝીટ વસુલાત કરી ભાડે આપવાની મંજુરી આપવામાં આવે છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદ વિસ્તારમાં મોજે સાણંદ તાલુકાના ગોધાવી તથા મણીપુર ખાતે ટી.પી. સ્કીમ નં.૪૨૯(ગોધાવી-મણીપુર) ખાતે વાણિજ્ય હેતુના વેચાણ માટેના ૫, રહેણાંક હેતુના વેચાણ માટેના ૩, ખુલ્લી જગ્યાના ૨૭, ગાર્ડનના ૧૧, રમત ગમતના ૧, સ્કુલ માટે ૧, સામાજીક અને આર્થીક રીતે નબળા વર્ગના રહેણાંક માટે ૧૧ તથા સામાજિક માળખાના ૩૭ મળી કુલ-૯૬ અંતિમ ખંડો સંપ્રાપ્ત થાય છે. જે પ્લોટોનું સત્તામંડળ દ્વારા ઈ-ઓક્શન, હંગામી ધોરણે ટુંકાગાળા માટે તથા ૯૯ વર્ષા ભાડાપટ્ટેથી નિકાલ કરવામાં આવે છે.

જે અંતર્ગત ટી.પી. સ્કીમ નં.૪૨૯(ગોધાવી-મણીપુર)ના અંતિમ ખંડ નં.૨૮૭, ૨૮૯, ૨૯૦ તથા ૩૦૨ની જમીનો આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ વિષયક High Performance Center-HPC તથા Skill Development Institute–Centre of Excellence વિકસાવવાના હેતુથી રાહત દરે ફાળવવા

બાબતે અરજદાર-સંસ્થા સંસ્કારધામની આવેલ રજુઆત અન્વયે સરકારશ્રી દ્વારા મંજુર લેન્ડ ડીસ્પોઝલ પોલિસી-૨૦૦૨ના વિનિમય-૯ તથા વિનિમય-૧૩ ની જોગવાઈ મુજબ તા.૦૪/૦૭/૨૦૨૨ના રોજની કિંમત સમિતિ દ્વારા નીચે મુજબની વિગતે તળિયાની કિંમત નક્કી કરવામાં આવી.

| ક્રમ નં. | ગામનું નામ | ફા.પ્લોટ નં. | ક્ષેત્રફળ (ચો.મી.) | હેતુ | કિંમત સમિતિ દ્વારા નક્કી કરેલ કિંમત (રૂ.પ્રતિ.ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | ગોધાવી | ૨૮૭ | ૩૫૬૩૪ | સામાજિક | ૨૯,૨૫૫/- |
| ૨ | | ૨૮૯ | ૧૪૯૭૪ | | ૧૯,૨૯૨/- |
| ૩ | | ૨૯૦ | ૨૯૮૫૦ | | ૩૦,૨૪૯/- |
| ૪ | | ૩૦૨ | ૫૭૩૫ | | ૩૪,૮૪૪/- |

ઉક્ત પ્લોટ બાબતે અરજદાર-સંસ્થા સંસ્કાર ધામની તા.૦૯/૦૫/૨૦૨૨ની રજુઆત અન્વયે અત્રેથી તા.૦૭/૦૭/૨૦૨૨ના રોજ કરેલ દરખાસ્ત અન્વયે સરકારશ્રીની તા.૦૧/૦૮/૨૦૨૨ના રોજ મળેલ મંજુરી અનુસાર નક્કી કરેલ પ્રિમિયમ કિંમતના ૫૦% મુજબની થતી કુલ રૂ.૧૨૨,૨૪,૩૪,૮૭૬/- કિંમતે અરજદાર-સંસ્થાને સદરહુ અંતિમ ખંડોની જમીનો તા.૨૮/૦૯/૨૦૨૨ના રોજના ફાળવણી હુકમથી ૯૯ વર્ષના ભાડાપટ્ટે ફાળવવામાં આવેલ છે

આ ઉપરાંત તા.૧૩/૦૪/૨૦૨૩ના રોજની કિંમત સમિતિ દ્વારા ટી.પી સ્કીમ નં.૪૨૯(ગોધાવી-મણીપુર)ના અંતિમ ખંડ નં.૩૪૮(સેલ ફોર કોમર્શિયલ)ની ૧૭૦૪૬ ચો.મી.ની તળિયાની કિંમત રૂ.૩૫,૨૦૦/- પ્રતિ ચો.મી. તથા અંતિમ ખંડ નં.૩૫૨(સેલ ફોર રેસિડેન્સીયલ)ની ૧૬૬૪૭ ચોમી. ક્ષેત્રફળ વાળી જમીનની કિંમત રૂ.૩૭,૨૦૦/- પ્રતિ ચો.મી. નક્કી કરવામાં આવેલ.

જે બાબતે સત્તામંડળ દ્વારા ઉપરોક્ત બન્ને પ્લોટોનું તા.૩૦/૦૬/૨૦૨૩ના રોજ ઈ-ઓક્શન કરી નિકાલ કરવામાં આવેલ. જેમાં અંતિમ ખંડ નં.૩૪૮(સેલ ફોર કોમર્શિયલ) શ્રી શક્તિ મેડીકલ હેલ્થ ફાઉન્ડેશનને રૂ.૬૦,૬૮,૩૭,૬૦૦/- તથા અંતિમ ખંડ નં.૩૫૨(સેલ ફોર રેસિડેન્સીયલ) લક્ષ્મણજ્ઞાનપીઠ ફાઉન્ડેશનને રૂ.૬૨,૦૯,૩૩,૧૦૦/ થી તા.૧૬/૧૦/૨૦૨૩ના રોજ કબજો સોંપવામાં આવેલ છે.

૪-૭-૨૨ – કિંમત નક્કી કરી
૧-૮-૨૨ – સરકારે મંજુરી.
૨૮-૯-૨૨ – હુકમ કર્યો.

30-6-23 નાં રોજ e-oxen કર્યું. તેમાં ભાવ આવ્યા 35200 અને 37200. રોજ. ૨૧૦ ના ભાવે.

આ ઉપરાંત સત્તામંડળ દ્વારા પ્લોટોને ટુંકાગાળા માટે ભાડેથી આપવા બાબતે તા.૨૫/૦૯/૨૦૧૯ની ૨૭૮મી બોર્ડ બેઠકમાં થયેલ ઠરાવ મુજબ હંગામી ધોરણે ટુંકાગાળા માટે ટી.પી. સ્કીમ નં.૪૨૯(ગોધાવી-મણીપુર)ના દર્શાવેલ પત્ર મુજબ પ્લોટ ભાડે આપવામાં આવેલ છે.

પત્રક

| ક્રમ નં. | ગામનું નામ | ફાળવણી કરેલ સંસ્થાનું નામ | ફા.પ્લોટ નં. | ક્ષેત્રફળ (ચો.મી.) | હેતુ | સમયગાળો | ફાળવણીની તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોધાવી | સંસ્કાર ધામ | ૩૬૮ | ૨૨૫૪ | પાર્કિંગ, બિલ્ડીંગ મટિરીયલ્સ | તા.૧૯/૦૭/૨૦૨૨ થી તા.૧૮/૦૭/૨૦૨૩ | ૨૦/૦૭/૨૦૨૨ |
| ૨ | | | ૩૬૯ | ૮૫૯ | પાર્કિંગ, બિલ્ડીંગ મટિરીયલ્સ | તા.૧૯/૦૭/૨૦૨૨ થી તા.૧૮/૦૭/૨૦૨૩ | ૨૦/૦૭/૨૦૨૨ |
| ૩ | | | ૩૭૦ | ૧૯૬૯ | પાર્કિંગ, બિલ્ડીંગ મટિરીયલ્સ | તા.૧૯/૦૭/૨૦૨૨ થી તા.૧૮/૦૭/૨૦૨૩ | ૨૦/૦૭/૨૦૨૨ |
| ૪ | મણીપુર | કિશોરભાઇ પોપટભાઇ પડસાળા | ૩૭૨ | ૪૬૫ | ખાણી-પીણી (ફાસ્ટ ફુડ) માટે | તા.૨૬/૦૪/૨૦૨૩ થી તા.૨૫/૦૪/૨૦૨૪ | ૨૯/૦૪/૨૦૨૩ |
| ૫ | ગોધાવી | અંશ બિલ્ડકોન | ૩૮૨ | ૨૦૫૯ | બિલ્ડીંગ મટિરીયલ્સ રાખવા | તા.૨૩/૦૩/૨૦૨૩ થી તા.૨૨/૦૩/૨૦૨૪ | ૧૪/૦૭/૨૦૨૩ |
| ૬ | ગોધાવી | અનાયા ઈન્ફ્રાકોન પ્રા.લિ. | ૩૪૬ | ૨૫૦૦ | સાઇટ ઓફિસ, લેબર કોલોની અને માલ-સામાન | તા.૨૫/૧૦/૨૦૨૩ થી તા.૨૩/૧૦/૨૦૨૪ | ૧૨/૧૨/૨૦૨૩ |
| ૭ | ગોધાવી | રત્નભુમિ ડેવલોપર લિમિટેડ | ૩૪૫ | ૨૫૦૦ | સાઇટ ઓફિસ, લેબર કોલોની અને માલ-સામાન | તા.૧૭/૧૨/૨૦૨૩ થી તા.૧૫/૧૨/૨૦૨૪ | ૨૬/૧૨/૨૦૨૩ |

# બ્રીફ નોટ

અરજદાર-સંસ્થા સંસ્કાર ધામ દ્વારા મોજે ગોધાવી, પ્રારંભિક નગર રચના યોજના નં.૪૨૯(ગોધાવી-મણીપુર)ના અંતિમ ખંડ નં.૨૮૭, ૨૮૯, ૨૯૦ અને ૩૦૨ની જમીનોમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ વિષયક High Performance Center-HPC તથા Skill Development Institute-Centre of Excellence વિકસાવવાના હેતુ માટે રાહત દરે ફાળવવા બાબતેની રજુઆત સંદર્ભે, પ્રવર્તમાન લેન્ડ ડીસ્પોઝલ પોલિસી મુજબ સત્તામંડળની તા.૦૪/૦૭/૨૦૨૨ના રોજની ૨૮૮મી બોર્ડબેઠકના ઠરાવ ક્રમાંકઃ૩૭ (૨૦૨૨-૨૩) થી સરકારશ્રીમાં જરૂરી નિર્ણય લેવા દરખાસ્ત કરવામાં આવેલ.

સત્તામંડળ દ્વારા પાઠવેલ દરખાસ્ત અન્વયે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૨ના રોજના પત્રથી સદરહુ જમીનો લેન્ડ ડીસ્પોઝલ પોલિસી-૨૦૦૨ના વિનિયમ-૧૩ હેઠળ અરજદાર-સંસ્થાને ૯૯ વર્ષના ભાડાપટ્ટે ઔડાની કિંમત સમિતિએ નક્કી કરેલ કિંમતના ૫૦%ના દરે ફાળવવા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને જણાવેલ.

સરકારશ્રીની મળેલ મંજુરી અનુસાર અત્રેથી તા.૦૮/૦૮/૨૦૨૨ના રોજના પત્રથી અરજદાર-સંસ્થાને કિંમતના ૫૦% મુજબ થતી કુલ પ્રિમિયમની રકમ દિન-૩૦માં સત્તામંડળમાં ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ.

અરજદાર-સંસ્થા દ્વારા તા.૨૧/૦૧/૨૦૨૩ના રોજની અરજીથી સત્તામંડળ દ્વારા તેઓને ૯૯ વર્ષના ભાડાપટ્ટેથી ફાળવેલ મોજે ગોધાવી પ્રારંભિક નગર રચના યોજના નં.૪૨૯(ગોધાવી-મણીપુર)ના અંતિમ ખંડ નં.૨૮૭, ૨૮૯, ૨૯૦, ૩૦૨ના પ્લોટો (૧) બ્રાઈટ બાલ ગોકુલમ ફાઉન્ડેશન તથા (૨) નૂતન નિર્માતા ફાઉન્ડેશનના નામે ટ્રાન્સફર કરી આ જ કંપનીઓના નામે લીઝડીડ કરવા બાબતેની નિચે મુજબની રજુઆત કરેલ છે.

મોજે ગોધાવી પ્રારંભિક નગર રચના યોજના નં.૪૨૯(ગોધાવી-મણીપુર)

| ક્રમ | અંતિમ ખંડ નં. | ક્ષેત્રફળ (ચો.મી.) | અંતિમ ખંડ નં. જે કંપનીને ફાળવવાનું છે તે કંપનીનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨૮૭ | ૩૫૬૩૪ | બ્રાઈટ બાલ ગોકુલમ ફાઉન્ડેશન |
| ૨ | ૨૮૯ | ૧૪૯૭૪ | બ્રાઈટ બાલ ગોકુલમ ફાઉન્ડેશન |
| ૩ | ૩૦૨ | ૫૭૩૫ | બ્રાઈટ બાલ ગોકુલમ ફાઉન્ડેશન |
| ૪ | ૨૯૦ | ૨૯૮૫૦ | નૂતન નિર્માતા ફાઉન્ડેશન |

જે બાબતે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૮/૧૨/૨૦૨૩ના રોજની ૨૯૭મી બોર્ડ બેઠકનાઠરાવ ક્રમાંકઃ૬૬(૨૦૨૩-૨૪)થી મોજે ગોધાવી પ્રારંભિક નગર રચના યોજના નં.૪૨૯(ગોધાવી-મણીપુર)ના અંતિમ ખંડ નં.૨૮૭, ૨૮૯, તથા ૩૦૨ ની જમીન બ્રાઈટ બાલ ગોકુલમ ફાઉન્ડેશનને તથા અંતિમ ખંડ નં.૨૯૦ની જમીન નૂતન નિર્માતા ફાઉન્ડેશનને તબદીલ કરવા તથા તે સંસ્થાઓ સાથે લીઝડીડ કરવા અંગેની કરેલ રજુઆત બાબતે સરકારશ્રીની કક્ષાએથી જરૂરી મંજુરી/માર્ગદર્શન મેળવવા નિર્ણય લેવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ અરજદાર-સંસ્થા સંસ્કાર ધામ દ્વારા સત્તામંડળે તેઓની સંસ્થાને ફાળવેલ જમીનો પૈકી મોજે ગોધાવી પ્રારંભિક નગર રચના યોજના નં.૪૨૯(ગોધાવી-મણીપુર)ના અંતિમ ખંડ નં.૨૮૭, ૨૮૯, તથા ૩૦૨ ની જમીન બ્રાઈટ બાલ ગોકુલમ ફાઉન્ડેશનને તથા અંતિમ ખંડ નં.૨૯૦ની જમીન નૂતન નિર્માતા ફાઉન્ડેશનને તબદીલ કરવા તથા તે સંસ્થાઓ સાથે લીઝડીડ કરવા અંગેની કરેલ રજુઆત બાબતે જરૂરી મંજુરી/માર્ગદર્શન થઈ આવવા સરકારશ્રી સમક્ષ પત્ર ક્રમાંક : એસ્ટેટ/00033, તા.૦૨/૦૧/૨૦૨૪ નાં પત્રથી દરખાસ્ત કરેલ છે.